# 14 વર્ષના ભારતીય મૂળના શ્રેય પરીખે સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી જીતી

**નવો** વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો માત્ર 90 સેકન્ડમાં 32 શબ્દોના સાચા સ્પેલિંગ આપીને રચ્યો ઈતિહાસ; રૂ. 41 લાખથી વધુનું મેળવ્યું ઇનામ

**બીજા** અને ત્રીજા ક્રમે પણ ભારતીય મૂળના ઈશાન ગુપ્તા અને સર્વ ધારાવણે રહ્યા હતા




વોશિંગ્ટન, તા. 29 (પીટીઆઈ): કેલિફોર્નિયામાં રહેતા 14 વર્ષના ભારતીય-અમેરિકન વિદ્યાર્થી શ્રેય પરીખે શુક્રવારે 'સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી' સ્પર્ધા જીતી લીધી છે. શ્રેયે માત્ર 90 સેકન્ડના સમયમાં 35 શબ્દોમાંથી 32 શબ્દોના સાચા સ્પેલિંગ કહીને આ સિદ્ધિ મેળવી છે.

ડે ક્રિક ઈન્ટરમીડિયેટ સ્કૂલના 8મા ધોરણના આ વિદ્યાર્થીએ 'સ્પેલ-ઓફ' રાઉન્ડમાં 'Bromocriptine' શબ્દનો સાચો સ્પેલિંગ આપીને ન્યૂ જર્સીના 12 વર્ષના ઈશાન ગુપ્તાને હરાવ્યો હતો. આ સાથે જ શ્રેયે વર્ષ 2024માં બ્રુહત સોમા દ્વારા બનાવાયેલો 29 શબ્દોનો જૂનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ત્રીજા સ્થાને પણ ભારતીય મૂળનો 12 વર્ષનો સર્વ ધારાવણે રહ્યો હતો.

વિજેતા બનેલા શ્રેય પરીખને ઈનામ તરીકે 50,000 ડોલર, એક સ્મૃતિ ચંદ્રક, સ્ક્રિપ્સ કપ તેમજ મેરિયમ-વેબસ્ટર તરફથી 2,500 ડોલર અને ડેલ્ટા એરલાઈન્સ તરફથી 1,000 ડોલરની ફ્લાઈટ ક્રેડિટ સહિતના અનેક ઈનામો મળ્યા છે. જ્યારે બીજા સ્થાને રહેલા ઈશાનને 25,000 ડોલર અને ત્રીજા સ્થાને રહેલા સર્વને 15,000 ડોલરની ઈનામી રકમ મળી છે. અગાઉ વર્ષ 2022 અને 2024માં પણ સ્પર્ધામાં ભાગ લઈ ચુકેલા શ્રેયને ગણિત, ટેનિસ, વાંચન અને ચેસનો શોખ છે.

આ વર્ષે યોજાયેલી સ્પર્ધામાં અમેરિકાના તમામ 50 રાજ્યો સહિત કેનેડા, ઘાના અને યુએઈ જેવા દેશોના કુલ 247 સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જેમાંથી 9 સ્પર્ધકો ફાઈનલમાં પહોંચ્યા હતા.

પ્રશંસનીય બાબત એ છે કે આ 9 ફાઈનલિસ્ટમાંથી 5 સ્પર્ધકો ભારતીય મૂળના હતા. વર્ષ 1925માં શરૂ થયેલી આ સ્પર્ધામાં વર્ષ 1985માં બાલુ નટરાજન પ્રથમ ભારતીય મૂળના વિજેતા બન્યા હતા અને ત્યારથી છેલ્લા ચાર દાયકાથી આ સ્પર્ધામાં ભારતીય મૂળના વિદ્યાર્થીઓનો દબદબો રહ્યો છે.






# ચીનના તિઆનજીનમાં 'વર્લ્ડ ઈન્ટેલિજન્સ એક્સ્પો 2026' નો શાનદાર પ્રારંભ

ચીનના ઉત્તરીય શહેર તિઆનજીનમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના સૌથી મોટા ઉત્સવ "વર્લ્ડ ઇન્ટેલિજન્સ એક્સ્પો 2026" ની ધમાકેદાર શરૂઆત થઈ ચૂકી છે. ચાર દિવસ સુધી ચાલનારા આ મેગા ઈવેન્ટની થીમ "ઇન્ટેલિજન્સ: વ્યાપક વિકાસની તકો, ટકાઉ વૃદ્ધિનું ચાલકબળ" રાખવામાં આવી છે. 1,30,000 ચોરસ મીટરમાં ફેલાયેલા આ વિશાળ પ્રદર્શનમાં 700 થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે, જ્યાં ભવિષ્યની દુનિયાને બદલી નાખનારી ટેકનોલોજી અને હ્યુમનોઇડ (માણસ જેવા) રોબોટ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

આવો જોઈએ આ હાઈ-ટેક પ્રદર્શનની કેટલીક અદભુત ઝાંખીઓ:

**1. પેકેજ પકડવાની અદભુત ક્ષમતા ધરાવતો રોબોટ**

આ રોબોટ માત્ર માણસ જેવો દેખાતો નથી, પરંતુ તેની પાસે અદભુત સેન્સિંગ પાવર છે. પ્રદર્શન દરમિયાન આ એડવાન્સ રોબોટે ખૂબ જ કુશળતાપૂર્વક પેકેજ અને બોક્સને પકડીને પોતાની પકડવાની અદભુત ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું, જે ભવિષ્યમાં લોજિસ્ટિક્સ અને ડિલિવરી સેક્ટરમાં મોટી ક્રાંતિ લાવી શકે છે.

**2. રિંગમાં રોબોટ્સની બોક્સિંગ ફાઈટ!**

આ દ્રશ્ય કોઈ સાયન્સ-ફિક્શન ફિલ્મ જેવું હતું! જ્યાં 'Unitree Robotics' દ્વારા તૈયાર કરાયેલા બે રોબોટ્સ એકબીજા સાથે રિંગમાં બોક્સિંગ ફાઈટ લડી રહ્યા હતા. રોબોટ્સના પંચ અને તેમની ગતિશીલતા જોઈને ત્યાં હાજર તમામ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

**3. રોબોટ અને માણસ વચ્ચેનો મધુર સંવાદ**

આ પ્રદર્શનમાં ટેકનોલોજી અને માણસ વચ્ચેનું અંતર ઘટતું જોવા મળ્યું હતું. 'એમ્બોડેડ AI' એટલે કે જે રોબોટ્સ પોતાની આસપાસના વાતાવરણને સમજીને પ્રતિક્રિયા આપી શકે છે, તેમની સાથે મુલાકાતીઓ સીધો સંવાદ સાધી રહ્યા હતા. લોકોના હાવભાવ સમજીને જવાબ આપતા આ રોબોટ્સ ભવિષ્યમાં પબ્લિક સર્વિસ માટે ઉત્તમ સાબિત થશે.

**4. ચાર પગવાળો રોબોટિક 'ડોગ'**

ગેલીલિયો ટેકનોલોજી કંપનીનો આ ચાર પગવાળો અદભુત રોબોટ કોઈ પાલતુ પ્રાણીની જેમ આદેશોનું પાલન કરતો જોવા મળ્યો હતો. સ્ટાફ મેમ્બર દ્વારા રિમોટલી ઓપરેટ થતો આ રોબોટ ઔદ્યોગિક પ્લાન્ટ્સ અને આપત્તિજનક સ્થિતિમાં બચાવ કામગીરી કરવા માટે સક્ષમ છે.

**5. મુશ્કેલ રસ્તાઓ પર પણ દોડશે આ પેટ્રોલિંગ રોબોટ**

સુરક્ષા અને દેખરેખ (Patrol) માટે ખાસ ડિઝાઇન કરાયેલો આ ફોર-લેગ્ડ રોબોટ ગમે તેવા મુશ્કેલ ભૂપ્રદેશ અથવા સીડીઓ પર સરળતાથી ચાલી શકે છે. ભવિષ્યમાં ફેક્ટરીઓ, સિક્યોરિટી ઝોન અને જટિલ ઓપરેશન્સમાં આ ટેકનોલોજી સુરક્ષા વ્યવસ્થા સંભાળશે.

આ એક્સ્પો સાબિત કરે છે કે કોર AI ટેકનોલોજી, લો-એલ્ટિટ્યુડ ઇકોનોમી (ડ્રોન સેક્ટર) અને કોમર્શિયલ સ્પેસ એક્સપ્લોરેશન જેવા ક્ષેત્રોમાં રોબોટિક્સ હવે આપણી રોજિંદી જિંદગીનો હિસ્સો બનવા તરફ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે.

# બ્રિટેનમાં ભારતીય કંપનીઓની સંખ્યામાં 60 ટકાનો વધારો

**2025માં** ભારતીય કંપનીઓની સંખ્યા 1,197 હતી જે વધીને 1912 થઈ આ ભારતીય કંપનીઓનું વાર્ષિક ટર્નઓવર 105 અબજ પાઉન્ડને પાર થયું

**2 લાખથી** વધુ લોકોને રોજગારી

લંડન, તા. 29 (પીટીઆઈ): બ્રિટેનમાં ભારતીય માલિકીની કંપનીઓની સંખ્યામાં વાર્ષિક ધોરણે લગભગ 60 ટકાનો જંગી ઉછાળો આવ્યો છે. 'ઇન્ડિયા મીટ્સ બ્રિટેન ટ્રેકર 2026'ના તાજેતરના અહેવાલ મુજબ, ઈંગ્લેન્ડમાં ભારતીય કંપનીઓની સંખ્યા વધીને 1,912 પર પહોંચી ગઈ છે, જેમનું સંયુક્ત ટર્નઓવર 105.77 અબજ પાઉન્ડ નોંધાયું છે.

લંડનમાં ભારતના નવા હાઈ કમિશનર પી. કુમારન દ્વારા ગુરુવારે આ વાર્ષિક વિશ્લેષણ અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. આ અહેવાલ દર્શાવે છે કે વર્ષ 2025માં ભારતીય કંપનીઓની સંખ્યા 1,197 હતી (જેમનું ટર્નઓવર 72.14 અબજ પાઉન્ડ હતું), જેમાં આ વર્ષે મોટો વધારો થયો છે. આ સાથે જ ભારતીય કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા પણ 1,26,720થી વધીને 2,03,549 થઈ છે.

હાઈ કમિશનર પી. કુમારને જણાવ્યું કે, ભારત-યુકેના સંબંધો હવે માત્ર જૂની યાદો સુધી મર્યાદિત નથી, પરંતુ તે વ્યાપારી તકોથી વ્યાખ્યાયિત થાય છે. વર્ષ 2025માં ભારત અને યુકે વચ્ચે 'વ્યાપક આર્થિક અને વ્યાપાર કરાર' (CETA) પર હસ્તાક્ષર થયા બાદ બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વ્યાપાર 11.7 ટકાના વધારા સાથે 47.4 અબજ પાઉન્ડ પર પહોંચી ગયો છે. નિષ્ણાતોના મતે, આગામી મહિનાઓમાં આ કરાર અમલમાં આવશે ત્યારે ટેકનોલોજી, ક્લીન એનર્જી અને એડવાન્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે રોકાણ વધુ ઝડપી બનશે. અહેવાલ મુજબ, લંડન હજુ પણ ભારતીય કંપનીઓનું સૌથી મનપસંદ સ્થળ રહ્યું છે, જ્યાં 38 ટકા ભારતીય વ્યવસાયો આવેલા છે. ટેકનોલોજી, મીડિયા, ટેલિકોમ, મેન્યુફેક્ચરિંગ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે ભારતીય કંપનીઓએ યુકેમાં સૌથી વધુ પ્રભુત્વ જમાવ્યું છે. યુકેમાં રહેતા 18 લાખ પ્રવાસી ભારતીયો પણ બંને દેશો વચ્ચે સેતુ સમાન ભૂમિકા ભજવી રહ્યા છે.

# પૂણેમાં લઠ્ઠાકાંડ: નકલી દારૂ પીવાથી 13નાં મોત

**મુખ્ય** બુટલેગર સહિત 8ની ધરપકડ, તપાસ સીઆઈડીને સોંપાઈ આરોપીઓએ દારૂમાં કેમિકલયુક્ત મિથનોલ ભેળવીને સપ્લાય કર્યો હતો

પૂણે, તા. 29 (પીટીઆઈ): મહારાષ્ટ્રના પિંપરી ચિંચવડ વિસ્તાર અને પૂણે શહેરમાં કથિત નકલી (ઝેરી) દારૂ પીવાના કારણે ઓછામાં ઓછા 13 પુરુષોના મોત નીપજ્યા છે. આ ચકચારી ઘટનાના સંબંધમાં પોલીસે એક મુખ્ય બુટલેગર સહિત 8 લોકોની ધરપકડ કરી છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ ઘટનાને "અત્યંત ગંભીર" ગણાવી છે અને કહ્યું છે કે નકલી દારૂના સપ્લાયમાં સામેલ આખી ઇકોસિસ્ટમને (નેટવર્ક) ઓળખી કાઢવામાં આવી છે અને કડક કાનૂની પગલાં લેવાઈ રહ્યા છે. સમગ્ર મામલાની ગંભીરતાને જોતા આ દુઃખદ બનાવની તપાસ ક્રાઈમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (CID) ને સોંપવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, પિંપરી ચિંચવડના કુગેવાડી વિસ્તારમાં 9 લોકોના અને પૂણેના હડપ્સરના પંઢારે માલા વિસ્તારમાં 4 લોકોના મોત થયા છે, જ્યારે અન્ય 5 લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓએ દારૂમાં કેમિકલયુક્ત મિથનોલ ભેળવીને સપ્લાય કર્યો હતો. દારૂ પીધા બાદ પીડિતોને ઉલ્ટી, ચક્કર આવવા અને શ્વાસ લેવામાં તકલીફ જેવી ગંભીર સમસ્યાઓ થઈ હતી. પિંપરી ચિંચવડ પોલીસે પકડાયેલા ચાર મુખ્ય આરોપીઓને સ્થાનિક કોર્ટમાં રજૂ કરીને 8 June સુધીના રિમાન્ડ મેળવ્યા છે, જ્યારે અન્ય ત્રણને રાજ્ય આબકારી વિભાગે પકડ્યા છે. પોલીસે ફરાર અન્ય આરોપી આકાશ જાધવ અને અન્ય લોકો સામે માનવવધ સહિતની કડક કલમો હેઠળ ગુનો નોંધી સીસીટીવી (CCTV) ફૂટેજના આધારે તપાસ તેજ કરી છે.

## પેજ 3

### કરણ જૌહરે શાહરૂખ-આલિયા સહિત કેટલાંક સ્ટાર્સને અનફોલો કર્યા, ચર્ચામાં 'ડિજિટલ ડિટોક્સ'



મુંબઈ, તા. 29: ફિલ્મ નિર્માતા કરણ જોહર ઇન્સ્ટાગ્રામ પર એક મોટો ધમાકો કરીને ચર્ચામાં આવી ગયો છે. કેજો (KJo)એ તેના ઇન્સ્ટા એકાઉન્ટ પરથી તેના સૌથી ખાસ યાર-દોસ્તો–કિંગ ખાન શાહરૂખ, બેબો કરીના અને ખુદ તેની વ્હાલી આલિયા ભટ્ટને પણ અનફોલો કરી દીધા છે! એટલું જ નહીં, વરુણ, સિદ્ધાર્થ અને જાનવી જેવા જેને તેણે લોન્ચ કર્યા હતા, તે બધા તેની ફોલો લિસ્ટમાંથી ગાયબ છે. આને કારણે તેના ફોલોઅર્સ પણ 1.8 કરોડથી ઘટીને 1.75 કરોડ થઈ ગયા છે. આ પાછળનું કારણ જણાવતા કરણે ઇન્સ્ટા સ્ટોરી પર લખ્યું કે તે 'ડિજિટલ ડિટોક્સ' કરી રહ્યો છે અને સોશિયલ મીડિયા પર પોતાની એનર્જી ઓછી કરવા માગે છે. વેલ કરણ, બી ટાઉનની આ દોસ્તીમાં કોઈ નવો વળાંક તો નથી ને?

### રણવીર અને ફરહાન વચ્ચે સલમાન સુલેહ કરાવશે



મુંબઈ, તા. 29: ડોન-3ને લઈને ડાયરેક્ટર ફરહાન અખ્તર અને રણવીર સિંહ વચ્ચે ચાલી રહેલા કરોડોના વિવાદમાં હવે સુપરસ્ટાર સલમાન ખાનની એન્ટ્રી થઈ છે. અહેવાલો અનુસાર, રણવીરે છેલ્લી ઘડીએ ફિલ્મ છોડી દેતા ફરહાનને મોટું નુકસાન થયું હતું, જેના કારણે FWICEએ રણવીર પર બેન લગાવ્યો છે. એક રિપોર્ટ મુજબ, સલમાન ખાન રણવીરને ખૂબ પસંદ કરે છે અને ફરહાન સાથે પણ તેનો પારિવારિક સંબંધ છે. આથી, સલમાન હવે બંને વચ્ચે મધ્યસ્થતા કરીને મીડિયાના હસ્તક્ષેપ વગર આ ઝઘડો શાંત કરાવવાનો પ્રયાસ કરશે. જોકે, આ અંગે હજુ કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી. રણવીર અને ફરહાન તરફથી પણ આ અંગે કોઈ નિવેદન આવ્યું નથી.

### વાસુ ભગનાનીએ કેસ કરતા વરૂણની ફિલ્મની રીલીઝ અટકી



મુંબઈ, તા. 29: પ્રોડ્યુસર વાશુ ભગનાનીની 'પૂજા એન્ટરટેઇનમેન્ટ' એ ટિપ્સ ઇન્ડસ્ટ્રીઝ અને ડાયરેક્ટર ડેવિડ ધવન સામે બોમ્બે હાઈકોર્ટમાં 400 કરોડનો મોટો કેસ ઠોકી દીધો છે. વિવાદ વરુણ ધવનની આગામી ફિલ્મ 'હૈ જવાની તો ઇશ્ક હોના હૈ' અંગે છે. આરોપ છે કે વરુણની ફિલ્મમાં 1999ની બ્લોકબસ્ટર ફિલ્મ 'બીવી નંબર 1'ના સુપરહિટ ગીતો 'ચુનરી ચુનરી' અને 'ઇશ્ક સોના હૈ'નો પરવાનગી વગર ઉપયોગ કરાયો છે. પૂજા એન્ટરટેઇનમેન્ટે આ ગીતો હટાવવાની અને ફિલ્મનું નામ બદલવાની માગ સાથે તેની રિલીઝ પર રોક લગાવવાની અપીલ કરી છે. જો મેકર્સ આ આદેશ નહીં માને, તો વધુ 100 કરોડના નુકસાનીની માગ પણ કરવામાં આવી છે, જેને કારણે વરુણની ફિલ્મ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે!

# જેફ બેઝોસનું રોકેટ એન્જિન ટેસ્ટિંગ દરમિયાન બ્લાસ્ટ થયું

**આ** અકસ્માતમાં કોઈ જાનહાનિના થઈ નથી

**આ** રોકેટ નાસાના મહત્વકાંક્ષી આર્ટેમિસ મૂન મિશનનો એક ભાગ છે



કેપ કેનાવેરલ, તા. 29 (એપી): એમેઝોનના સ્થાપક જેફ બેઝોસની સ્પેસ કંપની 'બ્લુ ઓરિજિન'ના એક વિશાળ રોકેટમાં ગુરુવારે રાત્રે લોન્ચ પેડ પર એન્જિન ટેસ્ટિંગ દરમિયાન ભયાનક વિસ્ફોટ થયો હતો. આ ધડાકો એટલો તીવ્ર હતો કે આસપાસના ઘરો ધ્રૂજી ઉઠ્યા હતા અને આકાશમાં નારંગી રંગના અગનગોળા જોવા મળ્યા હતા.

કંપનીએ જણાવ્યું કે આગામી અઠવાડિયે યોજાનારા સેટેલાઈટ લોન્ચિંગ પહેલા 'ન્યૂ ગ્લેન' રોકેટનું એન્જિન ફાયરિંગ ટેસ્ટ ચાલી રહ્યું હતું તે સમયે આ દુર્ઘટના ઘટી હતી. જોકે, કેપ કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશનના અધિકારીઓ મુજબ આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

કંપનીના વડા જેફ બેઝોસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, 'આ ખૂબ જ મુશ્કેલ દિવસ છે, પરંતુ અમે ખામી શોધીને બધું ફરીથી સરખું કરી દઈશું અને ઉડાન પર પરત ફરીશું.' ઉલ્લેખનીય છે કે 321 ફૂટ (98 મીટર) ઊંચું આ રોકેટ નાસાના મહત્વકાંક્ષી આર્ટેમિસ મૂન મિશનનો એક ભાગ છે, જેના દ્વારા ભવિષ્યમાં અવકાશયાત્રીઓને ચંદ્રની સપાટી પર મોકલવાના છે.

અગાઉ એપ્રિલ મહિનામાં પણ એન્જિન ફેલ થવાને કારણે આ રોકેટે સેટેલાઈટને ખોટી ભ્રમણકક્ષામાં છોડી દીધો હતો.

રાત્રે આશરે 9 વાગ્યે થયેલા આ બ્લાસ્ટ બાદ એલોન મસ્કે પણ ટ્વિટ કરીને બ્લુ ઓરિજિન કંપની પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આ વિસ્ફોટથી અન્ય કંપનીઓના આગામી લોન્ચિંગ પર કોઈ અસર નહીં પડે.



■ ચમોલી જિલ્લામાં તાજી હિમવર્ષા થયા બાદ, બરફથી ઢંકાયેલા રસ્તાઓ પરથી ગુરુદ્વારા હેમકુંડ સાહિબ તરફ આગળ વધી રહેલા શ્રદ્ધાળુઓ

# પાકિસ્તાને અમેરિકામાં છબી સુધારવા લોબિંગ ફર્મ હાયર કરી

**યુએસ**-ઈરાન યુદ્ધમાં મધ્યસ્થી બન્યા બાદ સંબંધો મજબૂત કરવા માસિક $50,000નો કરાર; કોંગ્રેસ અને મીડિયા સુધી પહોંચ વધારશે પાકિસ્તાન

વોશિંગ્ટન, તા. 29: અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવ્યા બાદ, પાકિસ્તાન હવે વોશિંગ્ટનના રાજકીય વર્તુળોમાં પોતાની છબીને વધુ મજબૂત કરવા માટે સક્રિય બન્યું છે. આ અંતર્ગત પાકિસ્તાને પૂર્વ રિપબ્લિકન કોંગ્રેસમેન ટોમ ગ્રેવ્સની આગેવાની હેઠળની એક અગ્રણી લોબિંગ ફર્મ સાથે હાથ મિલાવ્યા છે.

વોશિંગ્ટન સ્થિત પાકિસ્તાની દૂતાવાસે ચાલુ મહિને 'અરવિન ગ્રેવ્સ સ્ટ્રેટેજી ગ્રુપ' સાથે બે વર્ષનો કરાર કર્યો છે. આ કરાર હેઠળ પાકિસ્તાન ફર્મને દર મહિને 50,000 અમેરિકી ડોલર (USD) ચૂકવશે.અમેરિકાના ન્યાય વિભાગમાં સત્તાવાર રીતે સબમિટ કરાયેલા દસ્તાવેજો અનુસાર, આ ફર્મ વોશિંગ્ટનમાં પાકિસ્તાનના રાજદ્વારી, આર્થિક અને વ્યૂહાત્મક હિતોને આગળ વધારવા માટે કામ કરશે. યુએસ કોંગ્રેસ (સંસદ)માં પાકિસ્તાનના 'મેજર નોન-NATO એલી' (મુખ્ય બિન-નાટો સહયોગી) ના દરજ્જાને નુકસાન પહોંચાડતી કોઈપણ કાયદાકીય કે નીતિગત પ્રક્રિયાઓ સામે વ્યુહરચના ઘડવી.

પાકિસ્તાનને મળતી સુરક્ષા સહાય, તેના પરના સંભવિત પ્રતિબંધો કે માનવાધિકાર સંબંધિત બાબતો પર સતત મોનિટરિંગ રાખવું.

અમેરિકી લોમેકર્સ (સાંસદો) અને તેમના સ્ટાફ માટે પાકિસ્તાનની મુલાકાતોનું આયોજન કરવું અને પ્રવાસ પહેલાં તેમને બ્રીફિંગ આપવી.

અગ્રણી મીડિયા હાઉસના એડિટોરિયલ બોર્ડ અને ઓપિનિયન સેક્શન સુધી પાકિસ્તાનનો પક્ષ પહોંચાડવો, તેમજ પાકિસ્તાનના વ્યૂહાત્મક મહત્વને સમર્થન આપી શકે તેવા નીતિવિષયક અવાજો અને થિંક-ટેન્ક નિષ્ણાતોને શોધવા.

વોશિંગ્ટનમાં પાકિસ્તાની દૂતાવાસ અને રાજદૂતના નિવાસસ્થાને અમેરિકી સંસદસભ્યો અને મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ માટે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ અને ક્લોઝ-ડોર પોલિસી ચર્ચાઓનું આયોજન કરવું.



■ તમિલનાડુના પેરામ્બલુર જિલ્લામાં ચેત્તીકુલમ મુરુગન મંદિરના પ્રવેશદ્વાર (કમાન) સાથે ધડાકાભેર અથડાયા બાદ, ધરાશાયી થયેલા માળખા નીચે ફસાયેલી એક ટ્રક.